ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૧ ટકા

# હોસ્પિટલમાં નુકશાનકર્તા એક પણ ઉંદર પાંજરે પુરાયો નથી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઉંદરોનો ત્રાસ અતિશય વધી જવા પામ્યો છે. આ ઉંદરો ટેલીફોન, કોમ્પ્યુટર, ફ્રીઝ, સહિત વિવિધ ચીજવસ્તુ તેમજ અગત્યના રેકર્ડને પણ નુકશાન પહોંચાડે છે. તંત્રના અધિકારીઓએ ઉંદરોને પાંજરે પુરવા માટે અનેક પ્રયત્નો કર્યા છતા હજુ સુધી એકપણ ઉંદર પાંજરે પુરાયો નથી અને નુકશાનીનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી ઉંદરોનો ત્રાસ વધતા સ્ટાફ તેમજ દર્દીઓ હેરાન પરેશાન થઈ ગયા છે ત્યારે ઉંદરો પાંજરે પુરાય તે માટે તંત્ર દ્વારા તાત્કાલીક ખરીદીને ૨૫ થી વધુ પાંજરા લાવવામાં આવ્યા છે. જે ૬૦૦ બેડની હોસ્પિટલ સહિત ઓપીડી તેમજ અન્ય ઓફિસોમાં ગોઠવવામાં આવ્યા છે. પરંતુ એકમાસ થવા આવ્યો છતા હજુ સુધી એક પણ ઉંદર પાંજરે પુરાયો નથી તેમ અંતરંગ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ત્યારે હોસ્પિટલનું ખાઈને મોટા થયેલા ઉંદરોએ તંત્રના અધિકારી-કર્મચારીઓને હંફાવી દીધા છે. ત્યારે હોસ્પિટલના કિંમતી રેકર્ડ, ટેલીફોનના વાયર કાંપી નાંખવા, ફ્રીઝને નુકશાન પહોંચાડવું, કોમ્પ્યુટર સહિત ચીજવસ્તુઓને ભારે નુકશાન પહોંચાડી રહ્યા છે તો બીજી તરફ ઓફિસની કિંમતી ફાઈલો કોતરી નાંખે છે તો રાત્રીના સમયે દર્દીઓને તેમજ સ્નેહીજનોને પણ શાંતિથી નિંદર લેવા દેતા નથી. ત્યારે હોસ્પિટલમાં રહીને ઉંદરોએ પણ પોતે પકડાય નહી તે માટે કયાં છટકબારી છે તે શોધી લીધી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે હાલ તો હોસ્પિટલના કર્મચારીઓ નુકશાનીમાંથી બચી શકાય તે માટે ઉંદર પાંજરે પુરાય અને તેની રાહ જોઈને બેઠા છે.

## જેસીઆઈ દ્વારા માતા-બાળકના અતુટ પ્રેમ પર નિબંધ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૩

જેસીઆઈ ગાંધીનગર દ્વારા આજ રોજ કેએલસી કલ્પતરૂ લર્નીંગ સેન્ટર જીઆઈડીસી સે-૨૫ ખાતે સવારે ૯.૩૦ થી ૧૦.૩૦ દરમિયાન હિન્દી અને અંગ્રેજી ભાષામાં બોન્ડીંગ ઓફ મધર એન્ડ ચાઈલ્ડ અથવા હિન્દીમાં એક અતુટ રિશ્તા વિષય પર નિબંધનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં ધોરણ-૬ થી ૧૨ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં બાળકોએ માતાના પ્રેમ અંગે જણાવ્યું હતું કે જિસકે હોને સે ખુદ કો મકમમલ માનતા હું, મેરે રબ કે બાદ બસ મેં અપની મા કો જાનતા હું...જયારે અન્ય એક વિદ્યાર્થીએ મા વિનાનો સંસાર કલ્પી જ ન શકાય.. ગોળ વિનાનો મોળો કંસાર, એમ મા વિના સુનો સંસાર, જયારે ભગવાન દરેક જગ્યાએ પહોંચી શકતા નથી તેથી એમણે મા સ્વરુપે પોતાની ઉપસ્થિતિ દર્શાવી છે. બાળકોના નિબંધ હદયસ્પર્શી જાય તેવા હતા. આ નિબંધ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને સર્ટીફિકેટ આપવામાં આવ્યા હતા. જયારે પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવનાર સ્પર્ધકોને આગામી રવિવારે જેસીઆઈ દ્વારા યોજાનાર બાળકો માટેની ટ્રેનીંગમાં ઈનામ એનાયત કરવામાં આવશે. જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધીએ પ્રોજેકટ ચેરમેન મિતાલી ત્રિવેદી, રોનક પંડયા, હિતેશ પરમાર અને સંકેત ગોર સહિત સ્પર્ધકો અને વાલીઓનો આભાર વ્યકત કર્યો હતો.



## મહુન્દ્રા ગામમાં ચાલતા દેશી દારૂના અડ્ડાઓ પર એલસીબીના દરોડા

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એલસીબીએ દારૂ-જુગારના અડ્ડાઓ પર સપાટો બોલાવવાનું શરુ કરી દીધું છે. કલોલમાં મસમોટો દારૂ-બિયરનો જથ્થો પકડયા બાદ ગઈ રાત્રે ચિલોડા નજીક મહુન્દ્રા ગામમાં દેશી દારૂના અડ્ડાઓ પર એલસીબીની ટીમે દરોડા પાડયા હતા. એલસીબીની ટીમને અડ્ડાઓ પરથી ૫૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. એક બુટલેગર પોલીસ સકંજામાં આવી ગયો હતો જયારે બીજો ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો.

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવે દારૂ-જુગારની બદી જિલ્લામાંથી દુર કરવા એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતને સુચના આપી છે જે અનુસંધાને જે.ડી. પુરોહીતની ટીમોએ દારૂ-જુગારના અડ્ડાઓ શોધવા બાતમીદારો સક્રીય કરી દીધા છે. બે દિવસ અગઉ કલોલમાંથી ઓરડીમાં સંતાડેલો અંગીનો દારૂનો પોણા ત્રણ લાખની કિમતનો જથ્થો પકડયો હતો. ગઈ રાત્રે ચિલોડા નજીક મહુન્દ્રા ગામમાં દરોડા પાડયા હતા. મહુન્દ્રા ગામમાં દેશી દારૂના અડ્ડાઓ ધમધમતા હોવાની બાતમી આધારે રાત્રે દરોડા પાડયા હતા. તેમાં બે અડ્ડાઓ પકડાયા હતા. પોપટ બાલાજી ઠાકોરના અડ્ડા પરથી ૩૦ લીટર દેશી દારૂ અને વિજય રમતુજી ઠાકોરના અડ્ડા પરથી ૨૦ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. એલસીબીના સકંજામાં વિજય ઠાકોર આવી જતા તેની ધરપકડ કરી લીધી હતી. જયારે પોપટ ઠાકોર ભાગી જવામાં સફળ રહ્યો હતો. એલસીબીએ ૫૦ લીટર દેશી દારૂ જપ્ત કરી ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ મોકલી ગુનો દાખલ કર્યો છે.

## બાલવા ગામે ભવ્ય રામકથા

ગાંધીનગર, તા.૨૩

યુવા કથાકાર શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુની વ્યાસ પીઠે બાલવા ગામમાં વિશાળ ડોમમાં સમગ્ર પિપળેશ્વર મહાદેવ મહિલા મંડળ દ્વારા ભવ્ય 'રામકથા'નું આયોજન ૯ દિવસ માટે કરવામાં આવ્યું છે.

કથાના પ્રથમ દિવસે સમગ્ર ગામમાં ભવ્ય પોથીયાત્રાનું આયોજન કરાયું હતું. ગામના યુવા સરપંચ લાલભાઈ દ્વારા તમામ ભકતો માટે પાણી શરબત તેમજ કથા મંડપમાં એસી-કુલર અને ૯ દિવસ સુધી મેડીકલ ચેક અપ કેમ્પનું પણ આયોજન કરાયું છે.

ગામના પિપળેશ્વર મહાદેવ મંદિર પાસે બાલવા-ઉનાવા રોડ બાલવા ગામે બપોરે ૨ થી ૪ અને રાત્રે ૮ થી ૧૦.૩૦ એમ બે ટાઈમ કથાનું આયોજન કરાયું છે. કથા વિરામની તારીખ ૩૦-૪-૧૭ છે. તો સૌ ધર્મપ્રેમી જનતાને લાભ લેવા મહાદેવ મંદિર પરિવાર દ્વારા જણાવાયું છે.

## નદીમાં ડુબતા અટકાવવા કરાઈ નદી પાસે એસઆરપી પોઈન્ટ મુકાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા કરાઈ પાસે ગોબરેશ્વર મહાદેવ પ્રસિધ્ધ મંદિર છે તેની બાજુમાંથી સાબરમતી નદી અને નર્મદા કેનાલ નીકળે છે. અમદાવાદ અને ગાંધીનગરના દર્શનાર્થીઓ મંદિરે દર્શન કરીને નદીમાં ન્હાવા પડે છે. આ વિસ્તારમાં ડુબી જવાના કિસ્સાઓ અનેક બન્યા છે અને કેટલાક વ્યકિતઓએ જીવ ગુમાવ્યા છે. હવે સાવચેતીના ભાગરૂપે પોલીસ દ્વારા અહીં એસઆરપી પોઈન્ટ મુક દઈને ન્હાવા જવા પર પ્રતિબંધ મુકી દીધો છે. નદીનો જોખમી વિસ્તાર હોવાથી તકેદારી માટે આ વિશેષ પગલું ભરવામાં આવ્યું છે.

**ગોબરેશ્વર મહાદેવ પાસે નદીમાં ન્હાવા આવતા અનેક દર્શનાર્થીઓ આ પોઈન્ટ પર ડુબ્યા છે : સાવચેતી માટે આખરે આ વિસ્તારમાં ન્હાવા જવા પર પ્રતિબંધ મુકાયો**

કરાઈ પાસે ગોબરેશ્વર મહાદેવ નજીક નદીમાં ન્હાવા પડતા દર્શનાર્થીઓ પૈકી અનેક ડુબી ગયા હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે. દર બે ચાર દિવસે એકાદ વ્યકિત આ વિસ્તારમાં ડુબી જતી હોય છે. તાજેતરમાં ત્રણેક દિવસ પહેલા જ વાડજનું એક ગ્રુપ ન્હાવા પડયું હતું તે પૈકી એક યુવાન ડુબી ગયો હતો. ડ્રાઉનીંગ પોઈન્ટ બની ગયેલા આ ઝોનમાં અનેક જીંદગીઓ ડુબી હોવાની બાતમીને આખરે ગંભીરતાથી લઈને સ્થાનિક પોલીસ દ્વારા આ સ્થળે એસઆરપી પોઈન્ટ ગોઠવી દેવામાં આવ્યો છે. એસઆરપી જવાનો અહીં ન્હાવા જતા દર્શનાર્થીઓને નદી તરફ જતા રોકી દે છે. અને આ જગ્યા ભયજનક અને જોખમી હોવાની મહિતી આપીને અન્ય સ્થળે નદીમાં ન્હાવા જવાની સલાહ આપે છે. આ સ્થળે ન્હાવા પર પ્રતિબંધ મુકી દેવાતા હવે અનેકના જીવ બચશે તે વાતમાં કોઈ બે મત નથી.



ભાજપ દ્વારા આયોજિત વોર્ડ ૧, સમરસતા બેઠકમાં ટિફીન બેઠકનું આયોજન ચરેડી ખાતે સાવિત્રિબેન નાથુભાઈ સોલંકીના ઘરે યોજવામાં આવી હતી. જેમાં બંસીભાઈ સોલંકી, રોશનબેન અજમેરી, મુસ્તાક પટેલ, કાંતિભાઈ અંજરા તથા બેઠકમાં ઉપાધ્યક્ષ ઉરેન પટેલ,અતુલ પટેલ, મંત્રી મધુબેન પ્રજાપતિ, કૈલાસબેન લખવારા, મહામંત્રી કનુભાઈ દેસાઈ, કોર્પોરેટર નિતીનભાઈ પટલે વોર્ડ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ, મહામંત્રી ઉમેશ જહા, પરેશ પટેલ, જીલુભા ધાંધલ અને સૌ કાર્યકર્તા મિત્રોએ હાજર રહી ટીફીન બેઠકને સફળ બનાવી હતી.

# અમારા પ્રેમમાં નથી આસકિત કે નથી કોઈ અપેક્ષા

**અડાલજના ત્રિમંદિર સંકુલમાં સિનિયર સિટીઝમ હોમ 'નિરાંત' ખાતે રહેતું વડોદરાનું વયોવૃધ્ધ દંપતિ આધ્યાત્મિકતા સાથે સ્નેહના અનોખા સંબંધ સમજાવી જાય છે**



**સંબંધ સજાવે જિંદગી**
સમીર રામી

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરની સિવિલ હોસ્પિટલમાં સેવા આપી રહેલા શહેરના યુવા ફિઝિયોથેરેપિસ્ટ તબીબનો ફોન રણકયો. ફોન પોતાના મહિલા દર્દીના પતિનો હોવાથી તેમણે ચાલુ કામે તેને રિસિવ કર્યો એટલે પેલા મહાશયે તેમના સ્વભાવ મુજબ સજ્જનતાથી પુછયું 'સાહેબ આજે તમે કેટલા વાગે આવશો?' દરરોજ બપોરે ૨ કલાકે નિયમિત તેમના પત્નિને ફિઝિયોથેરેપી સારવાર આપવા જતા ફિઝિયોથેરેપિસ્ટને આશ્ચર્ય થયું એટલે ચિંતા સાથે તેમણે કહ્યું 'હું રોજની માફક બે વાગે આવી જઈશ પણ દાદા આજે કેમ પુછવું પડયું? કોઈ તકલીફ તો નથી થઈ ને?' પેલા વડીલે જવાબ આપ્યો કે 'ના કોઈ તકલીફ નથી, બસ તમે સમયસર આવી જજો.' જયારે પેલા ફિઝિયોથેરેપિસ્ટ સમયે ત્યાં પહોંચ્યા તો પેલા દાદાએ તેમના રૂમમાં રહેલા ફ્રિઝમાંથી આઈસ્ક્રીમનો કપ કાઢીને આપ્યો અને કહ્યું 'લો સાહેબ મ્હોં મીઠું કરો, આજે તમારા 'બા' તેમની જાતે ચાલ્યા છે.' પોતાના પેશન્ટની આટલી જલદી અણધારી 'રીકવરી' થયાનું જાણી તબીબને પણ ભારે આશ્ચર્ય સાથે હર્ષની લાગણી થઈ હતી.

વડોદરાની આઈપીસીએલ કંપનીમાં ઈલેકટ્રીકલ એન્જિનીયર તરીકેની વર્ષો સુધી નોકરી કરનાર રાજેન્દ્ર મોદી આજે ૮૦ વર્ષની ઉંમરે તેમના ૭૫ વર્ષીય ધર્મપત્નિ મધુરિકાબેન મોદી સાથે છેલ્લા ત્રણેક વર્ષથી અડાલજ પાસેના ત્રિમંદિર સંકુલના સિનિયર સિટિઝન હોમ 'નિરાંત' ખાતે રહે છે. પૂ. દાદા ભગવાનના આધ્યાત્મિક જ્ઞાનથી પ્રભાવિત આ યુગલ ઘણા વર્ષોથી દાદા ભગવાનની પ્રવૃત્તિમાં જોડાયા છે. મુળ ભાવનગરના પરંતુ ૫૦થી વધુ વર્ષોથી વડોદરા સ્થાયી થયેલા આ યુગલના લગ્નજીવનને પણ અડધી સદીથી વધુનો સમય વિત્યો છે પરંતુ બંને વચ્ચેનો આત્મીય સંબંધ એટલો ઉચ્ચ કક્ષાનો છે કે એકને પીડા થાય તો બીજાના મોઢામાંથી સીસકારો નીકળી પડે. આટલા લાંબા લગ્નજીવનમાં શેર માટીની ખોટ રહી જવા છતાં તેમનો સ્નેહ સંબંધ આજે પણ જીવનની પાછલી અવસ્થામાં તેમની પળેપળની 'નિરાંત'નું કારણ બની રહ્યો છે. વર્ષ ૧૯૬૨માં લગ્નગ્રંથીથી જયારે જોડાયા ત્યારે મધુરિકાબેનને ઘરમાં પથારીવશ એવા સાસુ-સસરા બંનેની સેવા કરવા સાથે ગૃહસ્થ જીવનનો પ્રારંભ કરવો પડયો હતો જે તેમણે હસતા મોંઢે દસેક વર્ષ સુધી નિભાવ્યો હતો. આજ પ્રારંભે તેમની બંને વચ્ચેનો સંબંધ મજબૂત લાગણીના તાંતણે એવો વણાયો કે હજુ પણ એટલો જ અકબંધ છે. આજે પણ એકની આંખમાં આવતા આંસુ બીજાની આંખમાં ઝળહળિયા લાવી દે છે.

એકવાર સ્કૂટર પર જઈ રહેલા આ દંપતિને અકસ્માત નડતા મધુરિકાબેનના પગે ફ્રેકચર થયું હતું. દિવાળીના દિવસો હોવાથી કોઈ ડૉકટર મળ્યા નહી પરંતુ નજીકમાં જ રહેતા કેટલાક મેડિકલ સ્ટુડન્ટસના કારણે સયાજીરાવ ગાયકવાડ હોસ્પિટલમાં તેમને દાખલ કરાયા અને પેલા વિદ્યાર્થીએ ડૉકટરને બોલાવી આપ્યા હતા. આ ફ્રેકચરની સારવારના ગાળા દરમિયાન રાજેન્દ્રભાઈ સતત પત્નિની સેવામાં લાગેલા રહ્યા અને તેમની કાળજીએ મધુરિકાબેનને ઝડપથી હરતા ફરતા કરી દીધા હતા. બે ભાઈઓ અને એક બહેન ધરાવતા રાજેન્દ્રભાઈ અને મધુરિકાબેનનો સ્વભાવ જ એવો હતો. કે તેમના ઘરમાં બાળકો ના હોવા છતાં ભત્રીજા-ભાણેજ માટે તેમનું ઘર એ 'ફેવરીટ ડેસ્ટિનેશન' હતું. આઈપીસીએલની નોકરી વહેલી છોડી પોતાનો વ્યવસાય શરુ કરનાર રાજેન્દ્રભાઈને પહેલેથી આધ્યાત્મમાં ખુબ રુચિ હતી. આ કારણે દંપતિ સતત આધ્યાત્મિક સંસ્થાઓ જેવી કે ચિન્મયાનંદ મિશનસ બીએપીએસ વગેરેમાં પ્રવૃત્ત રહેતા હતા અને નિયમિત સત્સંગ વગેરેમાં જોડાતા રહેતા. આ દરમિયાન વર્ષ ૧૯૯૯માં રાજેન્દ્રભાઈને પેરાલિસીસનો એટેક આવ્યો અને તેમનું અડધું શરીર તેમાં જકડાઈ ગયું હતું. આ સમયે મધુરિકા બેનની સંભાળ અને માવજતના પ્રતાપે તેઓ તેમાંથી હેમખેમ સાજા તો થઈ ગયા પરંતુ કાયમ માટે લાકડીનો સહારો આવી ગયો.

એકવાર મુંબઈથી આવેલા એક સંબંધીએ જેઓ પૂ. દાદા ભગવાનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા હતા તેમણે આ દંપતિને પણ તેમાં જોડયું હતું. પૂ. દાદા ભગવાનના 'અક્રમ વિજ્ઞાન'થી પ્રભાવિત આ યુગલ તેમની પ્રવૃત્તિમાં જોડાઈ ગયુ અને ધીમે ધીમે એટલા ઊંડા ઉતર્યા કે બધું છોડી અડાલજ પાસેના 'નિરાંત'માં રહેવા આવી ગયા. અહીં રહી તેઓ દાદા ભગવાનની સત્સંગ પ્રવૃત્તિમાં સક્રિય બન્યા હતા. તેવામાં ગત વર્ષે મધુરિકાબેનને હાર્ટ એટેક આવતા બાયપાસ સર્જરી કરવી પડી. આ ઓપરેશન દરમિયાન ઘણા બધા કોમ્પિલકેશન્સ થતા પેરેલીસીસ લાગુ પડયો અને તેમનું જમણું અંગ તદ્દન નિષ્ક્રિય થઈ ગયું તે સાથે તેઓ બોલતા પણ બંધ થઈ ગયા હતા. તદ્દન પથારીવશ હાલતમાં પોતાની પત્નિને ફરી ઉભી થઈ ચાલતી અને બોલતી જોવા માંગતા રાજેન્દ્રભાઈને ડોકટર્સે કહી દીધું હતું કે 'હવે તેઓ બાકીની જીંદગી આમ જ વિતાવશે.' આમ છતાં દરેક પ્રયત્નો કરનાર રાજેન્દ્રભાઈને એક દિવસ એક સત્સંગી દ્વારા ગાંધીનગરના યુવા ફિઝિયોથેરેપીસ્ટ ડૉ. હાર્દિક તલાટીનો સંપર્ક થયો અને તેમણે તેમની સારવાર શરુ કરી. સતત રાજેન્દ્રભાઈની સંભાળ અને નિયમિત સારવારના કારણે જે મધુરિકાબેનનો પગ હાલી પણ નહોતો શકતો તેઓ અત્યારે વૉકરના સહારે ચાલતા થઈ ગયા છે. આ સારવાર દરમિયાન એક વાર તો ટીલ્ટ ટેબલની સગવડ ના હોવાથી મધુરિકાબેનને બેડ સાથે સાડીઓના સહારે બાંધીને ઉભા કરાયા હતા. આ સારવાર સાથે ન્યુટ્રિશન સપ્લીમેન્ટ અને દંપતિની સેવામાં રહેતા આપ્ત પુત્રી અલ્પાબેનની સંભાળ પણ ઉપયોગી બની પરંતુ એ બધા કરતા દંપતિનો એકબીજા પ્રત્યેનો પ્રેમ જ પ્રાણવાયુ સમાન બનીને પ્રેરક બન્યો જેના કારણે મધુરિકાબેનને જાણે નવજીવન પ્રાપ્ત થયું. આ ચમત્કારને રાજેન્દ્રભાઈ પૂ. દાદા ભગવાનની આધ્યાત્મિક ફિલસૂફીથી સમજાવતા કહે છે 'જે જીવન મળ્યું છે તે પાછલા જન્મના હિસાબ મુજબ જ મળ્યુ છે, આપણે તો આત્મા ભાવ કેળવવાનો છે કેમ કે આત્મા અને શરીર બંને એક જ છે એટલે અમારા પ્રેમમાં કોઈ આસકિત નથી, કોઈ અપેક્ષા નથી.' 'નિરાંત'ના પ્રવેશદ્વારે પૂ. નિરૂમાના શબ્દો અંકિત છે, 'પૂ. દાદાશ્રી કહેતા હતા કે વડીલો આકુળતા-વ્યાકુળતા બધામાંથી છુટી છેલ્લે 'નિરાંત'માં જાય.'

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com





## આઈ લવ માય ગાંધીનગર



**રાહુલ એમ વાણિયા**
સ્ક્રીપ્ટ રાઈટર

**ગાંધીનગર ગમે**

શાંતિ, સુંદરતા, રસ્તા અને હરિયાળીને કારણે ગાંધીનગર મને ગમે છે.

**નગરજનો**

સરળ અને સમય સાથે તાલ મિલાવી બહુ જલદી બદલાઈ જતા નગરજનો અહીં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

શહેરમાં થતી સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ગમે છે. અક્ષરધામની વિવિધ પ્રવૃત્તિઓથી પ્રભાવિત છું.

**નગરને બહેતર બનાવવા**

સાંસ્કૃતિક, કલાવિષયક પ્રવૃત્તિ, કાર્યક્રમોમાં વધારો થાય, ટ્રાફિકના નિયમો વધુ સારા બને અને આપણું શહેર ન માત્ર ગુજરાતમાં પરંતુ વિશ્વમાં માર્ગદર્શક બને તે માટે ઘણા પ્રયાસો કરવાના બાકી છે.

**નગર માટે હું કરી શકું**

શહેરની હરિયાળી જળવાય તે માટે વૃક્ષારોપણ જેવા ઉપક્રમો માટે હું તત્પર છું.

## @ગાંધીનગર

● સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ બી-૪૦૪ સ્વામિનારાયણ ધામની સામે સાંજે ૫.૦૦ કલાકે રૂદ્રાભિષેક યોજાશે.

● બાલવા ગામે આયોજીત રામકથામાં બપોરે ૨થી ૪ કલાકે શિવ વિવાહનો પ્રસંગ યોજાશે. જયારે રાત્રીના ૮ થી ૧૦.૩૦ કલાક દરમિયાન શિવ તાંડવ નૃત્ય યોજાશે.

## વાતવાતમાં

● સે-૧૬માં બ્રહ્મસમાજ ભવન ખાતે સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર તથા સમૂહ લગ્નોત્સવ ઉજવાયો હતો. સાંજના સમયે યોજાયેલા સમૂહ લગ્નોત્સવમાં અંબાજીથી ચુંદડીવાળા માતાજી તરીકે સુપ્રસિધ્ધ માઈ ભકત નવયુગલોને આર્શીવાદ આપવા પધાર્યા હતા.

● શહેરની શાળાઓમાં વેકેશનનો પ્રારંભ થઈ ચુકયો છે જેના કારણે ઘ-૪ સ્વર્ણિમ પાર્ક ખાતે સાંજના સમયથી રાત્રિ સુધી મેળાનો માહોલ જામે છે. પરિવાર સહિત ઉમટી પડતા નગરજનોને આ સમયે 'ધૂમ' બાઈકીંગ કરતા બાઈકર્સની હડફેટે બાળકો ના આવી જાય તેની ચિંતા સતત રહે છે.

● ધો-૧૨ની બોર્ડની પરીક્ષાના વિદ્યાર્થીઓ ગુજકેટની પરીક્ષાની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે આ સાથે શહેરની કોલેજોમાં પણ પરીક્ષાના માહોલનો પ્રારંભ થઈ ચુકયો છે.

● ચ-૩ સર્કલ પાસેના લાયન્સ ગરબા ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલ સીસીએલમાં આજે પ્રથમ અડધી સદી નોંધાઈ હતી. આ અડધી સદી સે-૭ની પ્રાથમિક શાળાની ટીમના નિકુલે ૫૮ રન સાથે નોટઆઉટ રહી ફટકારી હતી.

## સે-૧૨ ખાતે આઈ ચેક અપ કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરના સર્જન એજયુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેજ આઈ કેરના સહયોગથી સે-૧૨ ખાતે આંખની તપાસનો કેમ્પ યોજવામાં આવ્યો છે.આ કેમ્પ તા. ૨૬મી એપ્રિલ બુધવારે સે-૧૨ની સરકારી પ્રાથમિક શાળા ખાતે સવારે ૯.૩૦થી ૧૧.૩૦ કલાક દરમિયાન યોજાશે. આ કેમ્પમાં નજીકના ચશ્મા ધરાવતા દર્દીઓને રાહત દરે ચશ્મા આપવામાં આવશે.

ગાંધીનગરના જાણીતા તબીબ ડૉ. તેજલ દલાલ આ કેમ્પમાં દર્દીઓને નિદાનની સેવા પુરી પાડશે. આ સાથે આ આઈ ચેક અપ કેમ્પમાં સંસ્થા દ્વારા નવીન પહેલ હાથ ધરવામાં આવશે. જે મુજબ જે નાગરિકો પાસે જુની, નકામી અથવા તુટેલી ચશ્માની ફ્રેમ પડી હોય તે અહીં દાનમાં આપી શકશે. આ એકઠી થયેલ તમામ ફ્રેમને સરખી કરી તેમાં જરૂરિયાતમંદ વર્ગના દર્દીઓને જરુર મુજબના ચશ્મા બનાવી આપવામાં આવશે. માત્ર સેવાના હેતુથી કેમ્પમાં પહેલ હાથ ધરવામાં આવનાર છે. આ કેમ્પનો વધુને વધુ લાભાર્થીએ લાભ ઉઠાવવા સર્જન ટ્રસ્ટના સભ્ય વિનોદ મેણાતે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. નટુજી પ્રતાપજી બિહોલા, ઉ.વ. ૬૫
- સ્વ. નટવરભાઈ હિરજીભાઈ પટેલ, ઉ.વ. ૭૨
- સ્વ. નરભીબેન ગાંડાલાલ ગાંધી, ઉ.વ. ૭૦
- સ્વ. જીવાભાઈ ગલાજી સોલંકી, ઉ.વ. ૬૪
- સ્વ. ભરતભાઈ કાળાભાઈ ભંગી, ઉ.વ. ૩૫